07, Jan 2019

India's Historical Series Win Sculptor...Cheteshwar Pujara

# ભારતની ઐતિહાસિક શ્રેણી જીતનો શિલ્પકાર...ચેતેશ્વર



**આ** શ્રેણીની એડિલેડ ખાતે પ્રથમ ટેસ્ટ પૂરી થઇ ત્યારે પત્રકાર પરિષદમાં ઓસ્ટ્રેલિયન સુકાની ટિમ પેઇને એ મેચ ઓસ્ટ્રેલિયા હાર્યું તેના મુખ્ય કારણમાં એક જ વાક્ય કહ્યું, ''બંને ટીમો વચ્ચેનો મુખ્ય તફાવત ચેતેશ્વર પુજારા રહ્યો છે.'' હવે કદાચ આ જ સ્ટેટમેન્ટ તે સમગ્ર શ્રેણી માટે પણ દોહરાવી શકે છે! 'રાજકોટના રત્ન' ચેતેશ્વરે ફરી એક વખત તેની ટેસ્ટ કાબેલિયતનો ક્રિકેટ વિશ્વને પરચો આપી સિડનીમાં પણ સદી ફટકારી ટીમ ઇન્ડિયાના ઓસ્ટ્રેલિયા સામેની સફળતામાં સિંહફાળો આપ્યો છે. સાવજના પ્રદેશ સૌરાષ્ટ્રના આ સપૂતે ચારમાંથી ત્રણ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાની ધરતી પર સદી ફટકારી ભૂતપૂર્વ ક્રિકેટર્સ, ક્રિકેટના દિગ્ગજ પંડિતો અને વિશ્વ ક્રિકેટ પ્રેમીઓની વાહવાહ મેળવી છે. ફક્ત ટેસ્ટ મેચ સ્પેશિયલ રાજકોટિયન 'ચિન્તુ'એ વિદેશની ધરતી પર પણ એક પછી એક અદ્‌ભુત ઇનિંગ્સનું નિર્માણ કરી ભારતીય ખેલ પ્રેમીઓનાં હૃદય જીતી લીધાં છે. ન આઇપીએલ, ન ટી-૨૦ કે ન વન ડેમાં પસંદગી પામનાર આ 'ટેસ્ટ-મેચ' સ્પેશિયલ ચેતેશ્વરે ક્રિકેટનાં સાચાં સ્વરૂપ ટેસ્ટની જ 'પૂજા', આરાધના અને તપશ્ચર્યા કર્યા બાદ આ શ્રેણીમાં જે 'ચિત્ત-સ્વરૂપ'ના સૌ ક્રિકેટપ્રેમીઓને દર્શન કરાવ્યાં છે તેનાથી આ ટેસ્ટ ક્રિકેટ, ક્લાસિક ક્રિકેટર ધન્ય બને છે. ફક્ત ભારત જ નહીં. વિશ્વના ટેસ્ટ ક્રિકેટનો જો કોઇ સાચો બ્રાન્ડ એમ્બેસેડર હોય તો તે છે ચેતેશ્વર પુજારા!

ચેતેશ્વરનો આ ફક્ત ઓવરસીઝ જ નહીં સમગ્ર શ્રેણીઓમાં અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ દેખાવ છે. ૨૦૧૯ની આવી ભવ્ય શરૂઆત કરનાર ચેતેશ્વર અલબત્ત આ વર્ષે વિશ્વકપને કારણે ઘણી ઓછી ટેસ્ટ રમી શકશે. આવતી ટેસ્ટ તે કદાચ જુલાઇમાં વેસ્ટ ઇન્ડિઝ સામે (માર્ચ મહિનામાં ઝિમ્બાબ્વે સામે એક માત્ર ટેસ્ટ ન રમે તો!) રમશે એટલે કે છ મહિનાના વેકેશન બાદ! ચેતેશ્વરના સારા દેખાવ સાથે ભારતની જીતની ટકાવારી ૭૦ ટકાથી પણ ઉપર છે, કોહલીના કિસ્સામાં એનાથી વિપરીત છે. એડિલેડ અને મેલબોર્નમાં ચેતેશ્વરે સદી ફટકારી અને એ બન્ને ટેસ્ટ ભારતે જીતી લીધી અને આ લખાય છે ત્યારે (ગુરુવાર - ૩.જાન્યુ) ચેતેશ્વરે સિડનીમાં પણ સદી ફટકારી ભારતીય જીતની આશા ઉજ્જવળ બનાવી છે. આમ તો ચેતેશ્વર ભારતીય ટેસ્ટ ટીમનું છેલ્લાં ૫થી ૬ વર્ષથી અવિભાજ્ય અંગ છે પરંતુ કેટલાંક પરિબળો ચેતેશ્વર ફાઇનલ ઇલેવનમાં ન હોય તે માટે પ્રયત્નશીલ હોય છે. આ શ્રેણીમાં ચેતેશ્વરના આવા ધમાકેદાર દેખાવથી આવા પરિબળો ચૂપ થઇ ગયાં છે. રવિ શાસ્ત્રીના કોચ તરીકે આવ્યા પછી ચેતેશ્વરની ટીમમાંથી અંદર-બહાર થતું વધી ગયું છે. મરાઠા-ગુજરાતીની એકબીજાની ના પસંદગી તો ૧૯૬૦થી ચાલી આવે છે. શ્રીમાન ગાવસ્કર હવે ચેતેશ્વરના વખાણ કરતાં થાકતા નથી પરંતુ ભૂતકાળમાં તેમણે પણ ચેતેશ્વર માટે નેગેટિવ કોમેન્ટ્સ કરેલ! ઇંગ્લિશ કાઉન્ટીમાં મર્યાદિત સફળ રહેલ ચેતેશ્વરને 'કાઉન્ટી રેકર્ડ્સ'ના વાહિમાત બહાના હેઠળ આ વર્ષે ઇંગ્લેન્ડમાં રમાયેલી ટેસ્ટ શ્રેણીની પ્રથમ જ ટેસ્ટમાં રવિ-કોહલીની કંપનીએ બાકાત કર્યો અને એ ટેસ્ટ ભારત હાર્યું!




ખેલજગત

કશ્યપ ધોળકિયા

dholakia123@yahoo.com


ગત વર્ષે ચેતેશ્વરને ત્રણ ઓવરસીઝ શ્રેણીમાં રમવાની તક મળી. ૨૦૧૮ની શરૂઆતમાં દક્ષિણ આફ્રિકામાં રમાયેલ ત્રણ ટેસ્ટમાંથી ભારત એકમાત્ર ટેસ્ટ જીત્યું. ચેતેશ્વરનું આ શ્રેણીમાં પરફોર્મન્સ નબળું ગયું. તેમાંયે કેપટાઉન ટેસ્ટમાં બન્ને દાવમાં તેનું 'રન આઉટ' થવું ખૂબ જ કમનસીબ રહ્યું. ત્યારબાદ ઇંગ્લેન્ડના પ્રવાસમાં તેને બર્મિંગહામ ખાતેની પ્રથમ જ ટેસ્ટમાં પડતો મૂકવામાં આવ્યો. ભારત એ ટેસ્ટ હાર્યું. ત્રીજી ટેસ્ટમાં નોટિંગહામ ખાતે ૭૨ રન ફટકારી ચેતેશ્વરે ફોર્મ પાછું મેળવ્યું ત્યારે સાઉથમ્પટન ખાતે ૧૩૨ અણનમ રન ફટકારી પોતાની ટેસ્ટટીમમાં જરૂરિયાત પુનઃસ્થાપિત કરી. ઓસ્ટ્રેલિયાની આ શ્રેણીમાં ચેતેશ્વરે ફરી એક વખત પૂરવાર કર્યું છે કે તેનું ઉપનામ 'ધ ઓલ' સાચું જ છે અને તે રાહુલ દ્રવિડના નંબર-ત્રણ સ્પોટનો ખરો ઉત્તરાધિકારી છે. આ શ્રેણી પહેલાં ઓસ્ટ્રેલિયાએ વિરાટ કોહલીની બેટિંગ ક્લિપનો અભ્યાસ કરી તેને ઓછા સ્કરોમાં આઉટ કરવાની યોજના બનાવી અને તે સફળ પણ થયા પરંતુ પુજારાના ડિફેન્સમાં કોઇ ક્ષતિ ન શોધી શક્યા અને તેને કેમ આઉટ કરવો એ કોમન્સ, હેઝલવૂડ, સ્ટાર્ક અને બ્યોન માટે સિરદર્દ બન્યું! એડિલેડ, મેલબોર્ન અને સિડનીની ઉછાળ લેતી વિકેટ્સ પર અત્યંત સંયમ અને શિસ્તથી બેટિંગ કરી ચેતેશ્વરે જાણે કે આજની યુવાપેઢીને સંદેશો આપ્યો છે. પર્વત જેવા અડગ અને અડીખમ આત્મવિશ્વાસ, દ્રઢ મનોબળ અને અદ્‌ભુત એકાગ્રતાનું પ્રદર્શન કરી ચેતેશ્વરે ભારતના ઓસ્ટ્રેલિયાના આ ઐતિહાસિક ટેસ્ટ પ્રવાસને યાદગાર બનાવ્યો છે. ભારતીય ક્રિકેટ ઇતિહાસના આ સુવર્ણમય પ્રકરણનો મુખ્ય સૂત્રધાર તો ચેતેશ્વર પુજારા જ ગણાશે તેમાં કોઇ બે મત નથી...

## અદ્‌ભુત આત્મવિશ્વાસ, મનોબળ, અખૂટ ધીરજ અને બેટિંગ કૌશલ્યનું પ્રતીક એટલે ચેતેશ્વર

Courtesy: Phulchhab – Mr. Kashyap Dholakia